# દવાની દુકાનોની આજે રાષ્ટ્રવ્યાપી હડતાળ


નવી દિલ્હી,તા. ૯

કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જ લેવામાં આવેલા કેટલાક પગલાઓ સામેના વિરોધમાં આવતીકાલે શુક્રવારે દવાની દુકાનોની હડતાળ છે જેથી દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી શક્યતા છે. જો કે દવાની તકલીફને દૂર કરવા અને આની અસરને ઘટાડવાના હેતુસર મોટી હોસ્પિટલમાં ઈમરજન્સી દવાની દુકાનોને ખુલ્લી રાખવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટોને કરવામાં આવી રહેલા અન્યાય સામે દેશભરની ૭.૫૦ લાખથી વધુ દવાની દુકાનોના માલિકો અને દુકાનોમાં કામ કર્મીઓ આવતીકાલે હડતાળ પામનાર છે. ગુજરાતમાં ૧૪૦૦૦થી વધુ દવાની દુકાનો આવતીકાલે બંધ રહેશે. આ હડતાળ દરમિયાન જુદી જુદી જગ્યાઓએ દેખાવો, ધરણા અને પ્રદર્શન કરવામાં આવશે. આવેદન પત્ર પણ આપવામાં આવશે. આવતીકાલે દેશવ્યાપી બંધની જાહેરાત કરવામાં આવી છે. હડતાળમાં રિટેલર અને જથ્થાબંધ દવાની તમાન દુકાનોના વેપારી જોડાનાર છે. ઓલ ઈન્ડિયા ઓગ્રેનાઈઝેશન ઓફ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોશિએશનના લોકોએ કહ્યુ છે કે વર્ષોથી કેન્દ્ર સરકાર દવાની દુકાનના માલિકો સાથે અન્યાય કરી રહી છે. ગેરવાજબી સરકારી નીતિનો વિરોધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દવાની દુકાનોના માલિકોની એક માંગ એવી પણ છે કે પાંચ વર્ષ જુની દુકાનોને લાઈસન્સ જારી કરવામાં આવે સાથે સાથે રિટેલ દુકાનોમાં ફાર્માસિસ્ટની અનિવાર્યતા દૂર કરવામાં આવે. જથ્થાબંધ અને રિટેલ વિક્રેતાઓને મળી રહેલા કમિશનમાં વધારો કરવાની પણ માંગ કરવામાં આવી છે. દવાના કારોબારને યોગ્યરીતે ચલાવવા દવાઓના માર્જિનને જાળવી રાખવાની પણ માંગ કરવામાં આવી છે. દેશભરના કેમિસ્ટ અને ડ્રગિસ્ટ હડતાળમાં જોડાનાર છે. મોટી હોસ્પિટલો અને સરકારી હોસ્પિટલની દવાની દુકાનો તેમજ આઉટ પેશન્ટ ડિપાર્ટમેન્ટ ફુલટાઈમ ચાલુ રાખવામાં આવે તેવી તૈયારી કરાઈ છે.

**કઈ કઈ માંગણી છે.....**

દવાની દુકાનના માલિકો દ્વારા ઘણી માંગ કરવામાં આવી છે. કઈ કઈ માંગણીઓ છે તે નીચે મુબજ છે.

- પાંચ વર્ષથી જૂની દુકાનોને લાઈસન્સ જારી કરવામાં આવે
- રિટેલ દુકાનોમા ફાર્માસિસ્ટ ફરજિયાતપણે રાખવાની જોગવાઈને દૂર કરવામાં આવે
- જથ્થાબંધ અને રિટેલ વિક્રેતાઓને મળી રહેલા કમિશનમાં વધારો કરવામાં આવે
- દવાના દુકાનદારો સારીરીતે કારોબાર કરી શકે તે માટે માર્જિનને જાળવી રાખવા નીતિ અપનાવવામાં આવે
- તબીબી ક્ષેત્રમાં વિદેશી રોકાણને પ્રવેશ આપવાને લઈને સ્થાનિક ધારાધોરણ જાળવી રાખવામાં આવે તે જરૂરી
- દેશભરની સાત લાખથી વધુ દવાની દુકાનો બંધ પાળશે



# પાકિસ્તાની કેદી સનાઉલ્લાનું પણ મોત થયુ

ચંદીગઢ,તા. ૯

જમ્મુની જેલમાં ગયા સપ્તાહમાં જીવલેણ હુમલો કરવામાં આવ્યા બાદ આજે સવારે ચંદીગઢની હોસ્પિટલમાં પાકિસ્તાની કેદી સનાઉલ્લાહ રંજયનુ મોત થતા ચકચાર મચી ગઈ હતી. તેના મોત બાદ પાકિસ્તાનના ટોચના અધિકારીઓ પણ પહોંચ્યા હતા. સનાઉલ્લાનું મોત કિડની ફેઈલ થઈ જવાના કારણે થયુ હતુ. સનાઉલ્લા પર જમ્મુની કોટ બલવલ જેલમાં હુમલો થયો હતો. ત્રીજી મેના દિવસે હુમલો કરવામાં આવ્યા બાદ તેને ગંભીર હાલમાં ચંદીગઢની પીજીઆઈ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ તેની હાલત સતત બગડી રહી હતી. સનાઉલ્લાહ પર ભારતીય કેદી સરબજીતના મોતના એક દિવસ બાદ હુમલો કરવામાં આવ્યો હતો. સનાઉલ્લાહ પર હુમલાના ઉપરાધી ભારતીય સેનાના પૂર્વ જવાન વિનોદ કુમાર છે જે પોતાના સાથીની હત્યાના અપરાધમાં આ જીવન કારાવાસ હેઠળ સજા ગાળી રહ્યો છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી માંગ બાદ સનાઉલ્લાના મૃતદેહને સોંપી દેવા ભારત સહમત થયુ છે. સનાઉલ્લાહ ૧૯૯૯ના કટરા બ્લાસ્ટમાં આજીવન કારાવાસની સજા પામ્યો હતો. બે દિવસ પહેલા જ તેના પરિવારના સભ્યો વાઘા બોર્ડર મારફતે ભારતઆવ્યા હતા. પાકિસ્તાન પરત મોકલી દેવા પરિવારના સભ્યોએ માંગ કરી હતી. છેલ્લા કેટલાક દિવસથી તેની હાલત ખુબ ગંભીર હતી. મળેલા અહેવાલમાં જણાવાયું છે કે આજે સવારે ૭.૦૦ વાગે સનાઉલ્લાહનુ મોત થયુંહતું. સનાઉલ્લાહને બુધવારના દિવસે તબિયત વધારે ખરાબ થતા ડાયાલિસીસ પર રાખવામાં આવ્યો હતો.



સનાઉલ્લાહ અંગે અગાઉ જારી કરવામાં આવેલા મેડિકલ બુલેટિનમાં જણાવાયું હતું કે તેની હાલત ખુબ ગંભીર છે. અગાઉ તેના ફેફસા કામ કરવાનુ બંધ કરી ચુક્યા હતા. તેના શરીરના અન્ય ભાગો પણ નિષ્ક્રિય બની ગયા હતા. શરીરના અન્ય ભાગોમાં ઈન્ફેકશનની અસર થઈ ગઈ હતી. તેને વધારે સારવાર માટે ચંદીગઢમાં લાવવામાં આવે તે પહેલા તે કોમામાં જતો રહ્યો હતો. આજે તેને ચંદીગઢની પોસ્ટ ગ્રેજુએટ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચમાં રાખવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાની જેલમાં ભારતીય નાગરિક સરબજીત પર હુમલો થયા બાદ તેનુ મોત થતા તેના મૃતદેહને ભારત લાવીને તેના અંતિમસંસ્કાર કરવામાં આવે તે પહેલા આ હુમલો કરવામાં આવ્યો હતો. સનાઉલ્લાહ પર જેલમાં હિંસક હુમલો કરાયો હતો. દરમિયાન હવે વધારે વિવાદ થઈ શકે છે. કારણ કે પાકિસ્તાની રાજદ્વારીઓએ ફરિયાદ કરી છે કે હોસ્પિટલમાં તેમની સાથે યોગ્ય વર્તન કરવામાં આવ્યું ન હતુ. તબીબોએ તેમને આઈસીયુમાં જવાની મંજૂરી આપી ન હતી.

# ચીટફંડ કાંડ : વડાપ્રધાન સાથે ડાબેરીઓની બેઠક

ડાબેરી પક્ષોના નેતાઓ આજે વડાપ્રધાન મનમોહનસિંહ અને નાણાં પ્રધાન પી ચિદમ્બરમને મળ્યા હતા અને પશ્ચિમ બંગાળમાં આકર્ષક સ્કીમના મામલામાં સીબીઆઈ તપાસની માંગ કરી હતી. નાણાંની ઉચાપતના દુષણને રોકવા કઠોર પગલા લેવાની રજુઆત પણ કરવામાં આવી હતી. શારદા ગ્રુપ અને અન્યોની પ્રવૃત્તિ સપાટી પર આવ્યા બાદ ડાબેરી પક્ષોએ હવે સીબીઆઈ તપાસની માંગ કરી છે અને આક્ષેપ કર્યો છે કે મમતા બેનર્જી સરકાર આવી તપાસનો વિરોધ કરી રહ્યા છે. કારણ કે આનાથી તેમના પક્ષ અને ચીટફંડ શારદાગ્રુપના મુખ્ય અપરાધીઓ સાથે તેમની પાર્ટીના સંબંધોનો પર્દાફાશ થઈ શકે છે. સિતારામ યેચુરી, વાસુદેવ આચાર્ય, અસિમદાસ ગુપ્તા, પ્રબોધ પાંડા સહિતના નેતાઓ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પણ મોડેથી મળ્યા હતા. પશ્ચિમ બંગાળ વિધાનસાભામાં વિપક્ષના નેતા સુર્યકાંત મિશ્રા જે સીપીએમના નેતા છે. તેમણે દાવો કર્યો હતો કે લોકોને આકર્ષિત કરનાર યોજનાઓ ચલાવનાર લોકોના તૃણમુલ સાથે ખૂબ સારા સંબંધો છે.

# હિમાચલમાં બસ દુર્ઘટનામાં મૃતાંક વધીને ૪૨ થયો

નવી દિલ્હી,તા. ૯

હિમાચલ પ્રદેશમાં બસ અકસ્માતમાં મોતનો આંકડો વધીને આજે ૪૨ પર પહોંચ્યો હતો. કુલ્લુ-મંડી રાષ્ટ્રીય રાજમાર્ગ પર જઈ રહેલી યાત્રીઓથી ખીચોખીચ ભરેલી બસ ગઈકાલે વ્યાસ નદીમાં ખાબકી જતા મોટી સંખ્યામાં લોકોના મોત થયા હતા. કુલ્લુના તપાસ અધિકારીએ કહ્યુ છે કે નદીમાંથી ૪૨ લોકોના મતૃદેહ બહાર કાઢવામાં આવ્યા છે. ૧૫ ઘાયલ થયેલા લોકોને બચાવી લેવામાં આવ્યા છે અને તેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે. કેટલાક યાત્રીઓના મતૃદેહ નદીના પ્રવાહમાં દુર સુધી જતા રહ્યા હોવાનું પણ જાણવા મળ્યુ છે. કુલ્લુથી આશરે ૨૦ કિલોમીટરના અંતરે સ્થિત ઝીરી નજીક ખાનગી બસ માર્ગ પરથી લપસી જઈને નદીમાં ખાબકી ગઈ હતી. આ બસમાં ૬૦થી વધુ યાત્રીઓ હતા. પોલીસના જણાવ્યા મુજબ બસ નદીમાં ખાબકી ગયા બાદ ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. કુલ્લ અને મંડીના પોલીસ અધિકારીઓ બચાવ કામગીરી પર નજર રાખી રહ્યા છે. યાત્રીઓની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. પોલીસે કહ્યુ છે કે ૩૫ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. જે પૈકી ૨૦ મહિલાઓ છે. રાજ્યસરકારે અકસ્માત મેજિસ્ટેરિયલ તપાસનો આદેશ કર્યો છે.

# 'શુટઆઉટ એટ વડાલા'એ ૩૩ કરોડની કમાણી કરી

મુંબઈ,તા.૯

અંડરવર્લ્ડ પર આધારીત ફિલ્મ 'શુટઆઉટ એટ વડાલા'એ મંગળવાર સુધી ૩૩ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. જ્યારે આની સાથે જ રીલીઝ થયેલી સ્મોલ બજેટની ફિલ્મ 'બોમ્બે ટોકિઝે' ૭ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે.

૭ કરોડ રૂપિયાના ખર્ચે બનેલી 'બોમ્બે ટોકિઝ' ભારતમાં ૪૮૦ થીયેટરોમાં રીલીઝ થઈ છે. જ્યારે બીજ બજેટ ફિલ્મ 'શુટઆઉટ એટ વડાલા' લગભગ ૧૭૦૦ થીયેટરોમાં રીલીઝ થઈ છે. આ બંને ફિલ્મો ભારતીય સિનેમાએ ૧૦૦ વર્ષ પુરા કર્યાના પ્રસંગે ૩ મેએ રીલીઝ કરવામાં આવી હતી.

# સંસદનું મોનસુન સત્ર ૯મી ઓગષ્ટથી

નવી દિલ્હી,તા. ૯

સંસદના બજેટ સત્રનો બીજો તબક્કો પૂર્ણ થઈ ગયા બાદ સરકાર હવે યોજનાપૂર્વક મોનસુન સત્ર બોલાવવાની યોજના ધરાવે છે. સુત્રોએ કહ્યું છે કે સરકાર મોનસુત્ર સત્ર નવમી ઓગષ્ટથી શરૂ કરવાની યોજના ધરાવે છે. આ મોનસુન સત્રને સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરવા માંગે છે જેથી રાજ્ય વિધાનસભાની આગામી રાઉન્ડની ચૂંટણીઓને ધ્યાનમાં લઈને તમામ પક્ષો ચૂંટણી પ્રચારમાં ભાગ લઈ શકેય ગઈકાલે રાજકીય બાબતો અંગે કેબિનેટ સમિતીની બોઠક યોજાઈ હતી. જેમાં કામચલાઉ તારીખ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સંસદના બન્ને ગૃહોમાં જુદા જુદા મામલે તીવ્ર મડાગાંઠના કારણે સંસદના બજેટ સત્રના બીજા તબક્કાને ગઈકાલે અનિશ્ચિતમુદ્દત માટે મોકુફ કરી દેવામાં આવ્યો હતો. નિર્ધારિત સમય કરતા પહેલા સંસદના બજેટ સત્રને સમેટી લેવામા આવતા કેટલાક મહત્વના બિલ અટવાઈ પડ્યા હતા. જેમાં નેશનલ ફુડ સિક્યુરિટી બિલ અને જમીન અધિગ્રહણ બિલનો સમાવેશ થાય છે. કોલસા કાંડ અને રેલવેમાં લાંચ કોંભાડના કારણે વિરોધ પક્ષોના આક્રમણ વલણથી સરકાર મહત્વના બિલો પસાર કરી શકી ન હતી. રેલવે બજેટને વિરોધ પક્ષના વોકઆઉટ વચ્ચે કોઈ પણ ચર્ચા વગર પસાર કરવામાં આવ્યુ હતું. ઉપરાંત બજેટ સત્રના બીજા તબક્કા દરમિયાન ફાયનાન્સ બિલ પસાર કરીને બજેટ માટેની કવાયત પૂર્ણ કરવામાં આવી હતી. બજેટ સત્રનો બીજો તબક્કો સંપૂર્ણરીતે ખોરવાઈ જતા હવે સરકાર મોનસુન સત્રને લઈને વિચારી રહી છે. કેટલાક રાજ્યોમાં આ ગાળા દરમિયાન વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. કર્ણાટકમાં ચૂંટણીમાં જીત મળ્યા બાદ કોંગ્રેસના કાર્યકરોનો આત્મવિશ્વાસ વધી ગયો છે. જેથી કોંગ્રેસ અન્ય રાજયોમાં પણ ચૂંટણીમાં પૂર્ણ ધ્યાન આપવા માંગે છે. રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતીની બેઠકમાં ગઈકાલે તમામ પાસા પર ચર્ચા થઈ હતી. જેમાં સુચિત તારીખનો સમાવેશ થાય છે. યુપીએ સરકાર હાલમાં જુદા જુદા કોંભાંડોના કારણે મુશ્કેલીમાં છે.

## સમાચાર ઝલક

- થરામાં વહેલી સવારે આકાશમાંથી ધડાકા સાથે બે ચમકતાં ગોળા ખરતા લોકોમાં કુતૂહલ.
- પાકિસ્તાની યાત્રીકોની અજમેર શરીફ યાત્રા પર સંકટ, છતાં પુરતો કડક બંદોબસ્ત.
- બિપાશા બાસુ ફરી વાર સેક્સી ફિગર મેળવવા પ્રયત્નશીલ...
- કૂતરાઓમાં ફેલાયેલો વિચિત્ર રોગચાળો, આંચકી આવ્યા બાદ મરવા લાગે છે.
- જાહેરમાં મેડિકલ વેસ્ટ સળગાવવા બાબતે કૃષ્ણા હાર્ટ ઇન્સ્ટીટયુટ સામે કાર્યવાહી.
- સરકારી જમીનના દબાણોને નિયમસર કરવાથી ઇમ્પેક્ટ ફી ઘટશે.
- ગુજરાતમાં દર વર્ષે કેન્સરના દર્દીઓ વધી રહ્યાં છે.
- મુંબઇમાં જ્વેલર્સ પણ બેમુદ્દતના બંધમાં જોડાયા.
- હોલેન્ડની રાણી રાજપાટ છોડી દેશે.
- અમેરિકામાં નવું સંશોધન, સિગારેટ પીનારાઓને દર વર્ષે સિટીસ્કેન કરાવી લેવાની સલાહ.
- સલમાનની નવી મિત્ર એલ. વંટૂર રોમાનિયાની એક્ટર અને એંકર.
- પ્રતાપગઢ ગામે ૧૦૩ વર્ષીય નાનૂરામે પરિવારના બળે ગામ વસાવ્યું, ૨૦ સંતાનો અને ૨૬ સભ્યોનું કુટુંબ !
- જામનગર જિલ્લામાં મહિલા તલાટી રૂા. ૨૮ હજારની લાંચ લેતા પકડાઇ ગયા.
- અમેરિકા-જર્મની સહિતના દેશોનાં શેરહજારો વિક્રમી ઊંચાઇએ.
- કેન્દ્રીય મંત્રી શશી થરૂર અને ધર્મપત્ની સુનંદાના લગ્નજીવનમાં વાવાઝોડું આવ્યું...
- લાંબા સમય બાદ સંસદમાં રેખાએ હાજરી પુરાવી.
- સલમાનખાન મહારાષ્ટ્રના દુષ્કાળ ગ્રસ્ત ગામડાંઓમાં ૨૫૦૦ પાણીનાં ટેન્કરો મોકલશે.
- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૧૩મી મે જાહેર થશે.
- ગીરના જંગલમાં ત્રણ વર્ષમાં ૩૦ ટકા પ્રાણીઓની વસ્તી વધી.
- વિઝા ઓન એરાઇવલ પ્રક્રિયા વધુ સરળ બની.
- સરકારની સીબીઆઇની કામગીરીમાં દરમિયાનગીરીથી સુપ્રીમ લાલઘૂમ.
- મોડાસા નગરપાલિકામાં રસાકસીબાદ પુનઃ ભાજપે બેઠક અંકે કરી લીધી.
- અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ માત વાતોનાં વડા જેવી હાલતમાં...
- દિલ્હીમાં તબીબો હડતાળ પર, હજારો ઓપરેશનો અટક્યા.
- કાશ્મીરમાં પાકિસ્તાની કેદી પર થયેલા હુમલામાં મોત.
- આજે દેશભરમાં દવાઓની દુકાનો બંધ રહેશે.

# દિલ્હીને પછડાટ આપી દેવા માટે બેંગલોરની ટીમ તૈયાર

નવી દિલ્હી,તા. ૯

ઈન્ડિયન પ્રિમિયર લીગમાં આવતીકાલે શુક્રવારે દિલ્હી ડેરડેવિલ્સ અને રોયલ્સ ચેલેન્જર્સ બેંગલોર વચ્ચે જોરદાર જંગ ખેલાનાર છે. આ મેચમાં બેંગલોરની ટીમ હોટફેવરીટ તરીકે મેદાનમાં ઉતરશે. કારણ કે દિલ્હીના ખેલાડીઓ ખુબ ખરાબ ફોર્મમાંથી હાલ પસાર થઈ રહ્યા છે. કેપ્ટન માહેલા જયવર્ધને અને વિરેન્દ્ર સહેવાગ ફોર્મમાં દેખાઈ રહ્યા નથી. દિલ્હીની ટીમ પહેલાથી જ સ્પર્ધામાંથી બહાર થઈ ચુકી છે. આ ટીમે તેની ૧૨ મેચો પૈકી હજુ સુધી માત્ર ત્રણમાં જીત મેળવી છે. તેની નવ મેચમાં હાર થઈ છે. તે જોતા આ ટીમ પાસેથી સારા દેખાવની અપેક્ષા ઓછી રાખવામાં આવી રહી છે. જો કે ઘરઆંગણે વિરેન્દ્ર સહેવાગ તોફાની બેટિંગ કરશે તેવી આશા ચાહકોને છે. આવતીકાલની મેચમાં ચાર ધરખમ ખેલાડી મેદાનમાં ઉતરશે. એકબાજુ બેંગલોર તરફથી વિરાટ કોહલી, ક્રિસ ગેઈલ અને ડિવિલિયર્સ મેદાનમાં ઉતરશે. જ્યારે બીજી બાજુ સહેવાગ અને જયવર્ધને મેદાનમાં રહેશે. તમામ ખેલાડી પોતાની ટીમને જીત અપાવવા માટે પ્રયાસ કરી શકે છે. રોયલ્સ ચેલેન્જર્સ બેંગલોર પોઈન્ટ ટેબલમાં વધારે સારો દેખાવ કરીને બીજા સ્થાન પર પહોંચવા પ્રયાસ કરશે. તેના ૧૨ મેચોમાં ૧૬ પોઈન્ટ છે. તે ૧૮ પોઈન્ટ સાથે બીજા સ્થાને પહોંચી શકે છે. સારા નેટ રન રેટના કારણે હાલમાં મુંબઈની ટીમ ટેબલમાં બીજા સ્થાન પર છે. આ મેચનુ પ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી મેક્સ પરથી કરવામાં આવશે. દિલ્હીમાં આયોજકોએ કહ્યું છે કે મેચને લઈને ઉત્સુકતા છે. કારણ કે બેંગલોર અને દિલ્હીમાં શક્તિશાળી ખેલાડી મેદાનમાં ઉતરી રહ્યા છે. તમામ ટિકિટ મેચની વેચાઈ ગઈ હોવાનો દાવો પણ આયોજકો દ્વારા કરવામાં આવ્યો છે. આઈપીએ સ્પર્ધા હવે વધારે રોમાંચક તબક્કામાં ધીમે ધીમે પહોંચી રહી છે. ટોચની ટીમ પોતાના દેખાવને સતત સુધારી રહી છે.

# તેજી પર બ્રેક : સેન્સેક્સ ૫૧ પોઈન્ટ ઘટીને અંતે બંધ રહ્યો

મુંબઈ,તા. ૯

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ આની સાથે જ હાલમાં ચાલી રહેલી તેજી પર બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે સેન્સેક્સ ૫૧ પોઈન્ટ ઘટીને ૧૯૯૩૯ અને નીફટી ૧૯ પોઈન્ટ ઘટીને ૬૦૫૦ની સપાટીએ રહ્યો હતો. એશિયન બજારમાં મિશ્ર કારોબાર જોવા મળ્યો હતો. હોંગકોંગના હેંગસેંગમાં ૦.૧ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૨૩૨૧૧ અને સંઘાઈ કમ્પોઝિટ તથા નિક્કીમાં ૦.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. બુધવારના દિવસે વિદેશી રોકાણકારોએ ૯૭૬.૯૯ કરોડની કિંમતના શેર ખરીદ્યા હતા. શેરબજાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. સીએસઓ દ્વારા આવતીકાલે માર્ચ ૨૦૧૩ માટે ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા જારી કરવામાં આવનાર છે. પાવર, પીએસયુ અને એફએમસીજીમાં તેજી રહી હતી. મોટા ભાગની જાહેર ક્ષેત્રની બેંકોના શેર તેજીમાં રહ્યા હતા. આજે દિવસ દરમિયાન ઉથલપાથલનો દોર રહ્યો હતો. હેલ્થકેર ઈન્ડેક્સમાં ૧.૬ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઓઈલ એન્ડ ગેસ, મેટલ અને કન્ઝ્યુમર ડ્યુરેબલમાં નબળો કારોબાર રહ્યો હતો. આ તમામમાં અડધા ટકાનો ઘટાડો રહ્યો હતો. એસબીઆઈના શેરમાં ૧.૮ ટકાનો સુધારો રહ્યો હતો. ટીસીએસના શેરમાં પણ સુધારો રહ્યો હતો. માર્કેટ બ્રિડથની વાત કરવામાં આવે તો ૨૫૬૮ શેરમાં કારોબાર થયો હતો જે પૈકી ૧૩૨૨માં મંદી અને ૧૦૭૯ શેરમાં તેજી રહી હતી.

અગાઉ આજે સવારે શેરબજારમાં સતત ચોથા દિવસે તેજી સાથે કારોબારની શરૂઆત થઈ હતી પરંતુ કારોબારના અંતે મંદી રહી હતી. શરૂઆતમાં સેન્સેક્સમાં વધુ ૪૩ પોઈન્ટ સુધારો થતા સેન્સેક્સે ૨૦ હજારની સપાટી કુદાવી લીધી હતી. એશિયન પ્રદેશમાં મજબુત તેજી વચ્ચે વિદેશી ફંડ પ્રવાહ યથાવત રીતે જારી રહેતા બજારમાં અવિરત તેજી રહી હતી પરંતુ આ તેજી દિવસ દરમિયાન જળવાઈ ન હતી. અગાઉના ત્રણ સેશનમાં ૪૧૫ પોઈન્ટનો સુધારો થયા બાદ આજે તેજી પર બ્રેક મુકાઈ હતી.અમેરિકી ડાઉ જોન્સમાં બુધવારે કારોબાર દરમિયાન ૦.૩૨ ટકાનો સુધારો થયો હતો.

# ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ બેંકની સામે પગલા લેવાશે

શ્રીનગર,તા. ૯

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)એ કહ્યુ છે કે કોબરા પોસ્ટના ઘટસ્ફોટ બાદ બેંકો સામે તપાસ ચાલી રહી છે. જે બેંકો ખોટી પ્રવૃત્તિમાં અને ગેરકાયદે પ્રવૃત્તિમાં સંડોવાયેલી છે તેમની સામે ટૂંક સમયમાં જ પગલા લેવામાં આવશે.

રિઝર્વ બેંકે એમ પણ કહ્યુ છે કે જો બેકિંગ ધારાધોરણોના ભંગમાં આ બેંકો દોષિત જાહેર થશે તો કઠોર પગલા પણ લેવામાં આવશે. રિઝર્વ બેંકની સેન્ટ્રલ બોર્ડ મિટિંગ બાદ પત્રકાર પરિષદને સંબોધતા ડી સુબ્બારાવે આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે અમે પુરતી તપાસ કરી ચુક્યા છીએ. અમે આંતરિક અહેવાલ પણ તૈયાર કરી ચુક્યા છીએ. તપાસને યોગ્ય તાર્કીક સ્તરે લઈ જવાના પ્રયાસ થશે. વ્યક્તિગત સંસ્થાઓ સામે સૌથી પહેલા પગલા લેવામાં આવશે જે કોબરા પોસ્ટ મુજબ ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ છે. કોબરા પોસ્ટે હાલમાં જ સ્ટીંગ ઓપેરશન મારફતે કહ્યુ હતુ કે ઘણી જાહેર ક્ષેત્રની બેંકો અને વિમા કંપનીઓ કાળા નાણાંને સફેદ કરવામાં લાગેલી છે. ઘણા કર્મચારીઓ પણ આ પ્રવૃત્તિમાં સંડોવાયેલા છે. દેશની સૌથી મોટી બેંક એસબીઆઈથી લઈને સૌથી નવી બેંક યશ બેંક અને કેટલીક નાણાંકીય સંસ્થાઓ પણ ખોટી પ્રવૃત્તિમાં સામેલ છે. આરબીઆઈના ગવર્નરનું કહેવું છે કે આ પ્રક્રિયા કેટલા સમયમાં પૂર્ણ થશે તે અંગે વાત કરવી સરળ નથી.

# બાંગ્લાદેશ ઈમારત દુર્ઘટનામાં મોતનો આંક વધીને ૯૩૧ થયો

ઢાકા,તા. ૯

બાંગ્લાદેશમાં હજુ સુધીની સૌથી વિનાશકારી ઈમારત દુર્ઘટનામાં મોતનો આંકડો આજે વધીને ૯૩૧ ઉપર પહોંચી ગયો હતો. એક જ દિવસમાં કાટમાળ હેઠળથી ૧૦૦ કરતા પણ વધારે મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મળી ગઈ છે. હજુ પણ મૃતદેહ હાથ લાગી રહ્યા છે જેથી બચાવ અને રાહત કામગારી જારી રાખવામાં આવી છે. ૨૪મી એપ્રિલના દિવસે બાંગલાદેશની હજુ સુધીની સૌથી મોટી ઈમારત દુર્ઘટના થઈ હતી. સેનાએ માહિતી આપતા કહ્યું છે કે મોતનો ંકડો હજુ વધી શકે છે. બીજી બાજુ આ બનાવના સંબંધમાં ઝડપાયેલા લોકો સામે વધુ કઠોર કલમો ઉમેરવા ભોગ બનેલા લોકોના પરિવાર તરફથી રજૂઆત કરવામાં આવી રહી છે. જેથી તંત્ર પર દબાણ વધી ગયુંછે. આ બનાવ સામેના વિરોધમાં સ્થાનિક લોકો દેખાવ પણ કરી રહ્યા છે. એક પખવાડિયા બાદ પણ કાટમાળ હેઠળથી મૃતદેહો હાથ લાગી રહ્યા છે. ગારમેન્ટ ફેક્ટરી જ્યાંઆવેલી છે તે સંકુલ ધારાશાયી થઈ જતાં આ બનાવ બન્યો હતો. બચાવ અને રાહત કામગીરી સાથે સંકળાયેલા સૈનાના પ્રવક્તા મિર રબ્બીએ કહ્યું છે કે મોતનો આંકડો ૯૩૧ ઉપર પહોંચ્યો છે પરંતુ રિકવરી ઓપરેશન હજુ ચાલુ રાખવામાં આવ્યું છે. કારણ કે હજુ પણ મૃતદેહો વધી શકે છે.

રાણા પ્લાઝા સંકુલની ઈમારત ૨૪મી એપ્રિલના દિવસે ધારાશાયી થઈ ત્યારે આ ઈમારતમાં ૩૦૦૦થી વધુ ગારમેન્ટ વર્કરો કામ કરી રહ્યા હતા. અધિકારીઓ ડિઝાસ્ટર ઓપરેશન ઉપર નજર રાખી રહ્યા છે. કાટમાળ હેઠળથી ૨૪૩૭ લોકોને જીવીત બચાવવામાં આવી ચૂક્યા છે. ક્રેઈન અને બુલડોઝરનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે.

**ખજાનો** (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

પ્રશ્ન - ટાઈફોઈડ માટે કયું પ્રજીવક જવાબદાર છે?

જવાબ - બેકટેરિયા

**આ સપ્તાહનો સવાલ...?**

**કર્ણાટકમાં ભાજપમાંથી છૂટા પડેલા યદુરપ્પાની નવી પાર્ટીનું નામ શું છે?**

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

**સાચા જવાબો :-**

[illegible]